પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૮ | ૩૧ જાન્યુઆરી, ૨૦૨૨, સોમવાર; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં પાંચ આતંકી ઠાર

**સેના દ્વારા જૈશ કમાંડર સહિત પાંચ આતંકીઓ ઠાર : જમ્મુ કાશ્મીરમાં માર્યા ગયેલા પાંચ આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા હતા : જમ્મુ-કાશ્મીરમાં ૧૨ કલાકમાં બે એન્કાઉન્ટર**



શ્રીનગર, તા.૩૦

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ૧૨ કલાકમાં સુરક્ષા દળો સાથે આતંકવાદીઓના બે એન્કાઉન્ટર થયા છે. જેમાં સુરક્ષાદળોએ પાંચ આતંકીઓને ઠાર કર્યા છે. આ પાંચ આતંકવાદીઓમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર ઝાહિદ વાની અને એક પાકિસ્તાની આતંકવાદીનો સમાવેશ થાય છે. માર્યા ગયેલા આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા હતા. આ બંને એન્કાઉન્ટર પુલવામા અને બડગામમાં થયા હતા. જમ્મુ-કાશ્મીર પોલીસનાઁ ૈવિજય કુમારે માહિતી આપી છે કે, પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદના ૫ આતંકવાદીઓ ૧૨ કલાકમાં બે એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે. તેમાં જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર પણ હતો. તેમના જણાવ્યા પ્રમાણે, આ અમારા માટે મોટી સફળતા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીરના પુલવામાના નાયરા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગેની બાતમી પર કાર્યવાહી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## કેનેડાના પીએમ ટ્રુડોના નિવાસને ૨૦ હજારથી વધુ ટ્રકોએ ઘેર્યું

**રોષે ભરાયા ટ્રક ચાલકો : વડાપ્રધાનના નિવાસસ્થાનની બહાર ૭૦ કિમી લાંબી લાઈન જોવા મળી, જસ્ટિન ટ્રુડોએ પરિવાર સાથે છોડ્યું ઘર**

ઓટાવા, તા.૩૦

કેનેડાની રાજધાની ઓટોવામાં સ્થિત વડાપ્રધાનના નિવાસ સ્થાનને ૫૦ હજાર ટ્રક ચાલકોએ પોતાની ૨૦ હજાર ટ્રકોથી ઘેરી લીધું છે. સ્થિતિ એટલી વણસી ગઈ કે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાના પરિવાર સહિત ગુપ્ત સ્થાન પર છુપાવવા માટે જવુ પડ્યું છે. ઉલ્લેખનીય છે કે દેશમાં કોરોનાની રસીને ફરજિયાત કરવાનો અને લોકડાઉનનો વિરોધ આ ટ્રક ડ્રાઈવર્સ કરી રહ્યા છે. આ ટ્રક ચાલકોએ પોતાના લગભગ ૭૦ કિમી લાંબા કાફલાને ફ્રીડમ કોન્વોય નામ આપ્યું છે. શનિવારના રોજ હજારોની સંખ્યામાં ટ્રક ચાલકો ઓટાવામાં ભેગા થયા અને અમેરિકન બોર્ડર ક્રોસ કરવા માટે રસીને ફરજિયાત કરવાના નિયમનો વિરોધ કર્યો. આ પહેલા પણ કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ એક વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું જેમાં તેમણે ટ્રક ચાલકોને ઓછું મહત્વ ધરાવતા લઘુમતી કહ્યા હતા, જેના કારણે પણ ટ્રક ચાલકો વધારે રોષે ભરાયા છે. રાજધાની ઓટાવા તરફ જતા રસ્તા પર ૭૦ કિમી સુધી બસ ટ્રક જ ટ્રક દેખાઈ રહી છે. ટ્રક ચાલકોને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્કનો પણ સાથ મળી ગયો છે. એલન મસ્કે ટ્વિટ કરીને કહ્યું છે કે, આ આંદોલનની ગૂંજ હવે અમેરિકા સુધી



● અનુસંધાન પાન-૭ પર

## ઓમિક્રોનના સબ-વેરિએન્ટ BA.2એ વધાર્યું ટેન્શન

**સબ-વેરિએન્ટ BA.2એ લોકોને ઝડપથી ચપેટમાં લઇ રહ્યો છે : સબ-વેરિઅન્ટ BA.2ને હાલમાં યુકેમાં તપાસ હેઠળ વેરિએન્ટની શ્રેણીમાં મૂકવામાં આવ્યો છે : અહેવાલ**

લંડન, તા.૩૦

કોરોનાવાયરસના ઓમિક્રોન વેરિઅન્ટનું સબ-વેરિઅન્ટ મ્છ.૨ મૂળ વેરિઅન્ટ મ્છ.૧ કરતાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યું છે, પરંતુ રસી તેની સામે રક્ષણ આપવામાં અસરકારક જણાય છે. સબ-વેરિઅન્ટ BA.2 ને હાલમાં યુકેમાં તપાસ હેઠળ વેરિએન્ટની શ્રેણીમાં મૂકવામાં આવ્યો છે. યુકે હેલ્થ સિક્યુરિટી એજન્સીએ જણાવ્યું છે કે BA.2નો સંક્રમણ દર ઈંગ્લેંડના તે તમામ વિસ્તારોમાં મ્છ.૧ની તુલનામાં વધ્યો છે. જ્યાં આંકલન કરવા માટે પર્યાપ્ત કેસ છે. તો બીજી તરફ ૨૪ જાન્યુઆરી સુધી જીનોમ સિક્વન્સિંગમાં ઈંગ્લેન્ડમાં BA.2ના ૧,૦૭૨ કેસોની ઓળખ કરવામાં આવી છે. આ અંગેના તમામ મૂલ્યાંકનો પ્રારંભિક છે, જ્યારે કેસની સંખ્યા તુલનાત્મક રીતે ઓછી છે. UKHSA અનુસાર, નવા પ્રકારોના શરૂઆતી વિશ્લેષણમાં સંક્રમણનો દર ઓછો કરવા ઓછો આંકવામાં આવ્યો હશે, પરંતુ હાલમાં તે પ્રમાણમાં ઓછો છે. નિષ્ણાતોએ કહ્યું કે સંપર્કમાં રહેલા લોકોના ડેટાનું વિશ્લેષણ સૂચવે છે કે ૨૭ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૧૧ જાન્યુઆરી, ૨૦૨૨ વચ્ચે ઓમિક્રોનનો સંક્રમણ દર ૧૦.૩ ટકાની તુલનામાં BA.2નો સંક્રમણ દર ૧૩.૪ ટકા રહેવાની સંભાવના છે. પ્રારંભિક વિશ્લેષણ મ્છની તુલનામાં BA.2 માટે રોગ સામે રસીની અસરકારકતામાં તફાવતના સંકેત મળ્યા નથી. બે ડોઝના કિસ્સામાં, ૨૫ અઠવાડિયાથી વધુ સમય પછી,

● અનુસંધાન પાન-૭ પર

## આજનો દિવસ બાપુના શિક્ષણને યાદ કરવાનો દિવસ છે : મોદી

**મોદીએ કહ્યું કે, એક કરોડથી વધુ બાળકોએ મન કી બાત મને પોસ્ટકાર્ડ દ્વારા મોકલી છે, આ પોસ્ટકાર્ડ અલગ-અલગ સ્થળોએથી, વિદેશમાંથી આવ્યા છે**

નવી દિલ્હી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર તેમનો માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાત કરી છે. પીએમ મોદીનો આ વર્ષનો પ્રથમ મન કી બાત કાર્યક્રમમાં સૌથી પહેલા ગાંધીજીને તેમની પુણ્યતિથિ પર યાદ કર્યા હતા.જે પછી મન કી બાત શરૂ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, પ્રથમ વખત કાર્યક્રમના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશમાં પદ્મ પુરસ્કારની પણ જાહેરાત કરવામાં આવી છે. એવોર્ડ મેળવનારાઓમાં એવા ઘણા નામ છે, જેમના વિશે બહુ ઓછા લોકો જાણે છે. આ આપણા દેશના અજાણ્યા નાયકો છે, જેમણે સામાન્ય સંજોગોમાં અસાધારણ કાર્યો કર્યા. તમારે તેમના વિશે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમની પાસેથી આપણને જીવનમાં ઘણું શીખવા મળશે. પીએમ મોદીએ કહ્યું કે, ભારત કોરોનાના નવા વેરિઅન્ટ સામે મોટી સફળતા સાથે લડી રહ્યું છે. એ પણ ગર્વની વાત છે કે, અત્યાર સુધીમાં લગભગ ૪.૫ કરોડ બાળકોએ કોરોના વેક્સિનનો ડોઝ લીધો છે. પીએમ મોદીએ કહ્યુ કે, હું યુવાનોને એક પ્રશ્ન પૂછવા માંગુ છું. હવે કલ્પના કરો કે, તમે એક સમયે કેટલા પુશ-અપ્સ કરી શકો છો. હું જે કહેવાનો છું, તે તમને ચોક્કસ આશ્ચર્યથી ભરી દેશે. મણિપુરના ૨૪ વર્ષીય યુવક થૌનાઓજમ નિરંજોય સિંહે એક

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાનાં ૨૩૪૨૮૧ દર્દીઓ નોંધાયા : ૮૯૩નાં મોત

નવી દિલ્હી, તા.૩૦

દેશમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાના નવા ૨.૩૪ લાખ નવા કેસ નોંધાયા છે. જ્યારે પોઝિટિવિટી રેટ ૧૪.૫૦ ટકા છે. હાલ દેશમાં ૧૮,૮૪,૯૩૭ દર્દીઓ સારવાર હેઠળ છે. ગઈ કાલે દેશમાં કોરોનાના નવા ૨,૩૫,૫૩૨ કેસ નોંધાયા હતા. જેની સરખામણીમાં આજે મામૂલી ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૨,૩૪,૨૮૧ દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૩,૫૨,૭૮૪ દર્દીઓ કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. હાલ કોરોનાનો ડેઈલી પોઝિટિવિટી રેટ ૧૪.૫૦ ટકા છે. જ્યારે કોરોનાથી રિકવરી રેટ ૯૪.૨૧ ટકા છે. કોરોનાના કેસ ઘટી રહ્યા છે પરંતુ સામે મોતનો આંકડો વધી રહ્યો છે. ગઈ કાલે ૮૭૧ લોકોના મોત નોંધાયા હતા જ્યારે આજે જાહેર થયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી એક દિવસમાં ૮૯૩ લોકોના મોત થયા છે. કોરોના ટેસ્ટની વાત કરીએ તો એક દિવસમાં ૧૬,૧૫,૯૯૩ કોરોના ટેસ્ટ થયા છે. જ્યારે અત્યાર સુધીમાં થયેલા કોરોના ટેસ્ટનો આંકડો હવે ૭૨.૭૩ પર પહોંચી ગયો છે.

## ખેડૂતોના મુદ્દે ચર્ચા માટે અખિલેશ યાદવ તૈયાર

**અખિલેશ યાદવે સ્વિકારી અમિત શાહની ચેલેન્જ : અમિત શાહે કહ્યું હતું કે અખિલેશ યાદવે કાયદો અને વ્યવસ્થાના મામલે ખુલ્લી ચર્ચા કરવી જોઈએ**

નવી દિલ્હી, તા.૩૦

ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લઈને વાકયુદ્ધ પણ તેજ થઈ ગયું છે. અખિલેશ યાદવે ગૃહમંત્રી અમિત શાહના પડકાર પર વળતો પ્રહાર કર્યો છે, જેમાં અમિત શાહે કહ્યું હતું કે અખિલેશ યાદવે કાયદો અને વ્યવસ્થાના મામલે ખુલ્લી ચર્ચા કરવી જોઈએ. જેના જવાબમાં અખિલેશ યાદવે લખ્યું છે કે અમે હવે દરેક પડકાર માટે તૈયાર છીએ, સત્ય માટે તૈયારીની જરૂર નથી, સ્થળ અને સમય જણાવો.

અમિત શાહના પડકાર પર અખિલેશ યાદવે આગલા દિવસે કહ્યું હતું કે ભાજપ જ્યારે ઈચ્છે ત્યારે મારી સાથે ખેડૂતના પ્રશ્ન પર ચર્ચા કરી શકે છે. તેમણે કહ્યું કે ભાજપે સમજાવવું જોઈએ કે કૃષિ કાયદા શા માટે લાવ્યા હતા અને હવે આ કાયદો ખેડૂતોના પક્ષમાં કેમ નથી? ભાજપ પર કટાક્ષ કરતા અખિલેશે કહ્યું કે તેમને શરમ આવવી જોઈએ કારણ કે તેમના કારણે ૭૦૦ ખેડૂતોએ જીવ ગુમાવ્યો છે. શું ભાજપ જવાબ આપશે કે ખેડૂતોની આવક બમણી થઈ છે? કાયદો અને વ્યવસ્થાને લઈને અમિત શાહે અખિલેશ યાદવને પડકારો ફેંક્યો હતો. અમિત શાહે કહ્યું કે અખિલેશ બાબુને શરમ પણ આવતી નથી.







